# ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ. (TCI ગ્રુપ) એ ૨૩મી જૂન ૨૦૨૨ના રોજ શ્રેષ્ઠ વેરહાઉસ સર્વિસ પ્રોવાઈડર અને બેસ્ટ કોલ્ડ ચેઈન/રેફ્રિજરેટેડ સર્વિસ પ્રોવાઈડર માટે ૨ કેટેગરીમાં ભારતના પ્રથમ નેશનલ લોજિસ્ટિક્સ એક્સેલન્સ એવોર્ડ્સ ૨૦૨૧ જીત્યા

દિલ્હી, ઈન્ડિયા, ૨૮મી જૂન ૨૦૨૨: નેશનલ લોજિસ્ટિક્સ એક્સેલન્સ એવોર્ડ્સનો ઉદ્દેશ્ય દેશમાં લોજિસ્ટિક્સ સેવા પૂરા પાડનારાઓના પ્રયાસોને સ્વીકારવાનો છે જે ઈનોવેશન,વિવિધતા અને કાર્યક્ષમતા પ્રદર્શિત કરવામાં સક્ષમ છે. એવોર્ડ સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે વાણિજ્ય અને ઉદ્યોગ-ગ્રાહક બાબતો,ખાદ્ય અને જાહેર વિતરણના માનનીય મંત્રી શ્રી પીયૂષ ગોયલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. તેની પ્રથમ આવૃત્તિમાં એવોર્ડ માટે ૧૬૯ એન્ટ્રીઓ અને ૧૨ શ્રેણીઓ સાથે વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે માન્યતા ધરાવતી અરજીઓને તપાસવા, વર્ગીકૃત કરવા અને પસંદ કરવાની એક વર્ષ લાંબી પ્રક્રિયા હાથ ધરી હતી. એવોર્ડ સમારંભમાં, ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ.એ શ્રેષ્ઠ વેરહાઉસ સર્વિસ પ્રોવાઈડર અને બેસ્ટ કોલ્ડ ચેઈન/રેફ્રિજરેટેડ સર્વિસ પ્રોવાઈડર માટે ટીસીઆઈએ ૨ કેટેગરીમાં નેશનલ એક્સેલન્સ એવોર્ડ જીત્યો હતો.

દેશની લંબાઈ અને પહોળાઈ સાથે અનેક વર્ટિકલ્સમાં ૧૩ મિલિયન ચોરસ ફૂટ જગ્યાનું સંચાલન કરતા વેરહાઉસિંગ સોલ્યુશન્સ માટે અગ્રણી સેવા પૂરી પાડે છે. કંપનીની કોલ્ડ ચેઈન વિંગ ફાર્માસ્યુટિકલ્સથી લઈને ઝડપી સર્વિસ રેસ્ટોરન્ટ્સ જેવા સંવેદનશીલ અને નિર્ણાયક ઉદ્યોગોને ઉચ્ચ ગુણવત્તાવાળા,સંપૂર્ણ વિશ્વાસપાત્ર ઉકેલો રજૂ કરે છે.

આ સિધ્ધી પર નિર્દેશ કરતાં કંપનીએ જણાવ્યું હતું કે ‘‘અમે ૨ કેટેગરીમાં એનાયત થવા બદલ સન્માનિત થયા છીએ.

અને અમારા પરના સતત વિશ્વાસ બદલ અમારા તમામ ગ્રાહકોનો નિષ્ઠાપૂર્વક આભાર માનીએ છીએ. આ પુરસ્કારો બધા ્ઞૈં યોધ્ધાઓને સમર્પિત છે જેઓ અવિરતપણે કામ કરે છે અને અમને ‘એવરીથિંગ લોજિસ્ટિક્સ’ બનવા સક્ષમ બનાવે છે.’’